ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં આધારકાર્ડ કેન્દ્રો પર ધસારો

## આધારકાર્ડ બેંક ખાતામાં લીંક કરાવવાના નિર્ણયને પગલે નગરજનો સફાળા જાગ્યા : જુના આધારકાર્ડ સુધરાવવા પણ લાઈનો

ગાંધીનગર, તા.૨૫

કેન્દ્ર સરકારે નોટબંધી બાદ કેશલેસ ઈકોનોમીને લાગુ કરવા એક પછી એક પ્રોત્સાહક પગલા લેવાનું ચાલુ કર્યુ છે. આ સાથે સરકારે કાળા નાણાંની સમસ્યા તથા ભ્રષ્ટાચાર નાબુદી માટે કેટલાક કડક નિર્ણયો પણ લીધા છે. જેમાં એક આધારકાર્ડને બેંક ખાતા સાથે ફરજીયાત પણે લીંક કરવાનો નિર્ણય છે. આ નિર્ણયના પગલે એવા નાગરિકો જેમણે આધારકાર્ડ કઢાવવાનું ટાળે રાખ્યું હતું તેઓએ હવે પોતાનું આધારકાર્ડ કઢાવા દોટ મુકી છે. આ કારણે શહેરના આધારકાર્ડ સેન્ટરો પર દરરોજ ભારે ભીડનો માહોલ સર્જાય છે. વળી આ સાથે આધારકાર્ડને સુધારવા માટે પણ લાંબી લાઈન જોવા મળી રહી છે.

આધારકાર્ડને આગામી સમયમાં ભ્રષ્ટાચાર નાબુદી માટે એક મહત્વનું શસ્ત્ર બનાવવા તરફ સરકારે કમર કસી લીધી છે. જે આધારકાર્ડ યોજનાને એક સમયે વિપક્ષમાં બેઠેલી ભારતીય જનતા પાર્ટીએ નિષ્ફળ યોજના તરીકે ખપાવી હતી તેજ આધારકાર્ડને હવે મોદી સરકાર કેશલેસ ઈકોનોમીનો મુખ્ય આધાર બવાવવા કટિબધ્ધ બની છે, જો કે અગાઉની આધારકાર્ડ યોજનામાં ધરખમ પરિવર્તનો કરવા સાથે તેને હવે બારકોડીંગ સાથે વધુ અદ્યતન અને સુરક્ષિત બનાવાયુંછે. આ સાથે સરકારે તમામ બેંક ખાતાને તથા પાનકાર્ડને ફરજિયાત આધારકાર્ડ સાથે લીંક કરવાનો નિર્ણય લઈ ભવિષ્યમાં થનારા નાણાંકીય વ્યવહારોને પારદર્શી બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. આ નિર્ણયને પગલે ગાંધીનગરમાં નાગરિકોએ આધારકાર્ડ કઢાવવા તરફ દોટ મુકી છે. શહેરના આધારકાર્ડ કેન્દ્રો પર સવારથી આખા દિવસ દરમિયાન લાંબી લચ્ચક લાઈનો લાગે છે જેને કારણે આધારકાર્ડ કાઢતી એજન્સીઓના કર્મચારીઓ પર કામનો બોજ વધી જવા પામ્યો છે. બીજી તરફ આધારકાર્ડ પ્રક્રીયાનું સર્વર પણ વારંવાર ડાઉન થવાની સમસ્યા આ કર્મચારીઓ તથા નાગરિકો માટે માથાનો દુઃખાવો બની રહી છે. વારંવાર સર્વર ડાઉન થઈ જવાને કારણે નાગરિકોના સમયનો વ્યય થાય છે. હાલ છેલ્લા એક માસથી સર્વર ધીમું ચાલવાની ફરિયાદો સતત ઉઠી રહી છે.

### ત્રીજા ભાગના આધારકાર્ડ સુધારવા પડે છે

એમએસ બિલ્ડીંગના બીજા માળે આવેલા આધારકાર્ડ કેન્દ્ર પર દરરોજના સરેરાશ ૧૫૦ જેટલા નવા આધારકાર્ડ કઢાવવા માટેની અરજીઓ પ્રાપ્ત થાય છે તે સાથે જ જુના આધારકાર્ડમાં નામ, સરનામું કે અન્ય કોઈ વિગત સુધારવા માટે સરેરાશ ૫૦ થી ૬૦ અરજીઓ મળી રહી છે. મોટા ભાગના આધારકાર્ડમાં નામ, જન્મતારીખ, સરનામું સુધારવાની કે મોબાઈલ નંબર લીંક કરવાની અરજીઓ મળી રહી છે.



### દોઢેક માસથી સર્વર ડાઉનની સમસ્યા

એમએસ બિલ્ડીંગમાં એક તરફ આધારકાર્ડ કઢાવવા નાગરિકોનો ધસારો વધતો જાય છે. બીજી તરફ સર્વર ડાઉનની સમસ્યા આધારકાર્ડ એજન્સીના કર્મચારીઓ માટે શિરદર્દ સમાન બની છે. છેલ્લા દોઢેક માસથી સર્વર ધીમું ચાલતું હોવાને કારણે નાગરિકોનો પણ ઘણો સમય વેડફાય છે.

## @ગાંધીનગર

● રાધાકૃષ્ણ મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૨૩ બ્લોક નં. ૮/૩ છ ટાઈપ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● દહેગામ અંતિમધામ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પાંડવ ગ્રુપ દ્વારા લોકડાયરો યોજાશે.

## વાતવાતમાં

● તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગુજરાતી ફિલ્મી સંગીતના મશહુર ગાયક મહેશ કનોડિયાને દાખલ કરાયા હતા. ત્યારે તેમના ભાઈ સુપરસ્ટાર નરેશ કનોડિયા ખડે પગે તેમની સાથે રહ્યા હતા. હવે મહેશ કનોડિયાને હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. પરંતુ આ સુપરસ્ટાર બંધુઓને નિહાળવા અને તેમની સાથે ફોટો પડાવવા માંગતા ચાહકો હજુ પણ હોસ્પિટલના ચક્કર કાપી રહ્યાં છે.

● ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ સચિવાલયમાં પોતાના અટકેલા કામો જલ્દીથી પુરા કરાવી લેવા મુલાકાતીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● બપોરના સમયે સોશ્યલ મિડીયા પર યોગગુરૂ બાબા રામદેવને અકસ્માત નડયાના ખોટા સમાચાર વાઈરલ થયા હતા. આ મેસેજના પગલે શહેરના અખબારો તથા ન્યુઝ સર્વિસના કાર્યાલયો પર નગરજનોએ સમાચારની ખાત્રી કરવા સતત ફોનની ઘંટડીઓ રણકાવી હતી.

## ટીંટોડા-ભોંયણ રોડ પરથી રૂ. ૧.૧૨ લાખનો વિદેશી દારૂ ભરેલી સ્કોર્પીઓ સાથે બે રાજસ્થાની શખ્સોની ધરપકડ

ગાંધીનગર નજીક ટીંટોડા-ભોંયણ રાઠોડ રોડ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી સ્કોર્પીઓ પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડી સ્કોર્પીઓ પકડી પાડી હતી. પીએસઆઈ વી.બી. દેસાઈ તથા ટીમ સ્કોર્પીઓ પકડી પાડી તેમાં તપાસ કરતા ૪૩૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી રૂ. ૧.૧૨ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૫ લાખની સ્કોર્પીઓ તથા દારૂ મળી કુલ રૂ. ૬.૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લઈ પેથાપુર પોલીસે ઉદેપુરના સુનિલ રૂપલાલ મીણા તથા પંકજ કાંતિ મીણા મળી બે શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

## રાયસણ ખાતે દિકરીની છેડતીની શંકાએ બે પડોશીઓ વચ્ચે ધમાલ

### પોલિસ છોડાવવા ગઈ તો બંને પડોશી પરિવારો એક થઈ ગયાને પોલિસ પર હુમલો કર્યો : ચાર પોલિસ પર હુમલો : બે ઘાયલ : ત્રણ પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક રાયસણ ખાતે ગુડાના આવાસમાં ગઈ મોડી સાંજે દિકરીની છેડતીની શંકાને મામલે બે પડોશી પરિવારો સામ સામે આવી ગયા હતા. બે પરિવારોની ધમાલ શરૂ થતા કોઈએ પોલિસ બોલાવી લીધી હતી. પોલિસ આવી અને બંનેને છુટા પાડવા ગઈ તો બંને પરિવારો એક થઈ ગયા અને પોલિસ પર હુમલો કરી ચાર કર્મીઓ સાથે મારામારી કરી મુકી હતી. જેમાં એક એએસઆઈ સહિત બે પોલિસ કર્મીઓ ઘાયલ થયા હતા. આ ઘટનામાં ત્રણ પોલિસ ફરિયાદો ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં નોંધાવા પામી છે.

રાયસણ ખાતે ગુડાના આવાસમાં ગઈ રાત્રે સી બ્લોકમાં દિકરીની છેડતીની શંકાએ ધમાલ થઈ ગઈ હતી. બે પડોશી પરિવારો લાકડી લઈને સામસામે આવી જતા મામલો બિચકયો હતો. બીજા પડોશીએ પોલિસ કંટ્રોલમાં ફોન કરી દેતા કંટ્રોલ રૂમે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનની પીસીઆર વાન મોકલી દીધી હતી. પોલિસ સ્થળ પર પહોંચી અને બંને પરિવારોને છોડાવવા પ્રયત્ન કર્યો ત્યારે બંને પરિવારો એક થઈ ગયા અને છોડાવવા ગયેલી પોલિસ પર હુમલો કરી દીધો હતો ત્યારે પોલિસ કર્મીઓ સાથે મારામારી કરી હતી જે પૈકી એએસઆઈ કિરીટભાઈ નરસિંહભાઈ તથા કોન્સ્ટેબલ હિતેશભાઈ પરમાર ને ઈજાઓ થતા હોસ્પિટલ લઈ જવાયા હતા. આ મામલે કોન્સ્ટેબલે બંને પરિવારના હુમલાખોરો સામે ફરિયાદ નોંધાવી છે જયારે બંને પરિવારોએ એકબીજા પરિવારના સભ્યો સામે ક્રોસ ફરિયાદ આપતા આ ઘટનામાં કુલ ત્રણ અલગ અલગ ફરિયાદ નોંધાવા પામી છે.

## ખ- માર્ગ પરના ભયંકર અકસ્માતમાં કાર ચાલક નશામાં હોવાની શંકા

### અકસ્માતગ્રસ્ત કારમાંથી ડીસ્પોઝલ ગ્લાઝ અને દારૂની બોટલના સીલ જેવુ પ્લાસ્ટીક મળ્યું : પોલીસે બ્લડ સેમ્પલ લેવડાવ્યા : રિક્ષાચાલકની હાલત પણ ગંભીર

ગાંધીનગર, તા.૨૫

શહેરના ખ માર્ગ પર વાવોલ ક્રોસ રોડ પાસે ગઈ મોડી સાંજે રિક્ષા અને સ્વીફ્ટ કારનો ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રિક્ષા ડ્રાઈવર ગંભીર છે જયારે કારમાં સવાર મહિલાનો પગ ફસાઈ જતા ફાયરબ્રિગેડે મહા મહેનતે તેણીને બહાર કાઢી ખાનગી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડી હતી. સે-૭ પોલીસે ઘટના અંગે તપાસ શરુ કરી છે. સ્વિફ્ટ કાર ચાલક નશામાં ડ્રાઈવ કરતો હોવાની શંકાને આધારે સેમ્પલ લવા પોલીસે ડોકટરને સલાહ આપી છે તો બીજી તરફ કારમાંથી ડીસ્પોઝલ ગ્લાસ અને દારૂની બોટલનું સીલ જેવું પ્લાસ્ટીક પણ મળ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું છે.

ખ માર્ગ પર ગઈ મોડી સાંજે બેફામ ગતિએ જતી સ્વીફ્ટ ગાડીએ રિક્ષાને વાવોલ ક્રોસ રોડ પાસે જબરદસ્ત અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વાવોલ સિધ્ધાર્થ રેસીડેન્સી ફલેટમાં રહેતા રિક્ષા ડ્રાઈવર દિનેશભાઈ પટેલને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા જયારે કાર ચાલક યુવાન અને યુવતી પૈકી યુવતી ફસાઈ જતા તેણીને મહામહેનતે કારમાંથી ફાયરબ્રિગેડની ટીમે બહાર કાઢી બંનેને હોસ્પિટલ ખસેડયા હતા. રિક્ષાને ટકકર મારી સ્વીફ્ટ કાર થાંભલે ચઢી જતા કારનો ફુરચો બોલી ગયો હતો. સ્થળ પર પહોંચેલી સે-૭ પોલીસે તપાસ દરમિયાન પંચનામનું કર્યુ ત્યારે ચોંકાવનારી વિગત બહાર આવી હતી. સ્વીફ્ટ કારમાંથી ડિસ્પોઝલ ગ્લાસ અને દારૂની બોટલના સીલ જેવું પ્લાસ્ટીક મળી આવતા પોલીસે કબ્જે લઈ કારચાલક પીધેલો હોવાની શંકાને આધારે તેના બ્લડ સેમ્પલ લેવડાવ્યા છે. જો બ્લડ સેમ્પલના રીપોર્ટમાં આલ્કોહોલ આવશે તો ડ્રીંક એન્ડ ડ્રાઈવનો ગુનો પણ ઉમેરવામાં આવશે તેમ સે-૭ પી.આઈ. પી.બી. ચૌહાણે જણાવ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**મયુર ભાટિયા**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**

અઢળક સુંદરતા, ખુલ્લાપણું ઉપરાંત કલા, સંસ્કૃતિ ને સેવાપ્રેમી નાગરિકોને કારણે આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, સજ્જન અને સેવાભાવી નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં થતી કલા, સંસ્કૃતિ અને સેવાને લગતી પ્રવૃત્તિઓ ગમે છે. ખાસ કરીને ગાંધીનગર કલ્ચરલ ફોરમ, જી ઈ કલબ, પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓથી વાકેફ છું અને તેનાથી પ્રભાવિત પણ છું.

**નગરને બહેતર બનાવવા**

કલાકારોને કલાની નિયમિત તાલીમ મળી રહે અને તેના દ્વારા તેઓ દુનિયામાં પોતાનું નામ રોશન કરી શકે એવી સુચારુ વ્યવસ્થા આ નગરમાં હોવી ઘટે.

**નગર માટે હું કરી શકું**

કલાના જતન માટે હું સતત પ્રયાસરત છું અને આ માટે મારી બધા જ પ્રકારની સેવાઓ આપવા પણ હું તૈયાર છું.

## હોસ્પિટલમાં ડોકટર્સ વેકેશનમાં જતા દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલતિ પાટનગરની મેડીકલ કોલેજમાં વેકેશન ચાલી રહ્યું છે. જેને અનુલક્ષી બે તબક્કામાં ડોકટર્સ પણ વેકેશનની મજા માણશે. અત્યારે હાલના સમયે પ્રથમ તબક્કાનું વેકેશન ચાલી રહ્યું છે. જેને પગલે હોસ્પિટલના ઓપીડી વિભાગમાં ડોકટરોની અછત સર્જાય છે. જયારે જે તે વિભાગના ડોકટરના માથે વોર્ડ તેમજ ઓપીડીની જવાબદારી હોવાથી આ સમસ્યા ઉદભવી હોવાનું લાગી રહ્યું છે. ત્યારે હોસ્પિટલમાં વેકેશનને પગલે દર્દીઓને હેરાન થવાનો વારો આવે છે.

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. શહેરની હોસ્પિટલમાં મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થતા દર્દીઓનો ઝોંક વધુ જોવા મળે છે. ત્યારે ઓપીડી બિલ્ડીંગ અત્યારના સમયે ભારે ભીડ જોવા મળે છે. વિવિધ વિભાગની ઓપીડીમાં ૧૦૦ થી વધુ દર્દીઓ સારવાર માટે આવેલા હોય છે. હોસ્પિટલ આધુનિકની સાથે અધ્યતન પણ બનતા દર્દીઓ વધુ આવે છે. અત્યારે હાલના સમયે મેડીકલ કોલેજમાં પ્રથમ તબક્કાનું તા.૧૬-૪-૧૭ થી ૧૫-૫-૧૭ સુધીનું વેકેશન ચાલી રહ્યું છે. જેને પગલે ઓપીડીમાં આવતા દર્દીઓને ડોકટરની લાંબી રાહ જોવી પડે છે. હોસ્પિટલમાં દર્દીઓ ઉપરાંત મેડીકલ ફિટનેસ માટેના લાભાર્થીઓ મોટીમાત્રામાં આવતા હોય છે. જેઓને વિવિધ ટેસ્ટ કરાવ્યા બાદ જે તે વિભાગના ડોકટરને બતાવવાના હોય છે. ત્યારબાદ મેડીકલ ફિટનેશ સર્ટીફિકેટ તૈયાર થાય છે. દર્દીઓ અને ફિટનેસ માટેના લાભાર્થીઓની લાંબી લાઈન હોય છે પરંતુ ડોકટરને પણ વોર્ડ, ઓપીડી, અને ઈમરજન્સીમાં આવતા દર્દીઓ પણ જેતે વિભાગના નિષ્ણાંત તબિબને જોઈ સારવાર કરી પડે છે. જેને અનુલક્ષીને ઓપીડીમાં આવતા દર્દીઓને હેરાનીનો સામનો કરવો પડે છે.

## શહેરમાં પરશુરામ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળશે

શ્રી પરશુરામ ભગવાનની જન્મજયંતિ નિમિતે સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, યુવા પાંખ અને મહિલા પાંખ દ્વારા ૨૮ એપ્રિલના રોજ ગાંધીનગર શહેરના સેકટર-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ મંદિર ખાતેથી સવારના ૮ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રા સેકટર-૧૬ ખાતેથી નીકળીને ઘ-૫ થઈને પંચદેવ મંદિરથી વૈજનાથ મંદિર, ચ-૬ થઈને ઘ-૬ પાસેથી પસાર થશે. ત્યારબાદ આગળ વધતા સેકટર-૨૪ ચોકડી થઈ સેકટર-૨૭માં અંદર પ્રવેશ કરશે. જયાં એસઆરપી સ્થિત મહાદેવ મંદિર થઈને સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર આગળથી પસાર થઈને શોભાયાત્રા સેકટર-૩ સાંઈબાબા મંદિર પાસેથી પસાર થઈને સેકટર-૨ સ્વામીનારાયણ મંદિર, સેકટર-૧ ગાયત્રી મંદિર, સેકટર-૮ ત્રંબકેશ્વર મંદિર થઈને ચ રોડ ઉપર થઈને સે-૧૭ હનુમાન મંદિરથી નાગરીક બેંક થઈને સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર પરત ફરશે. આ શોભાયાત્રામાં બ્રહ્મ સમાજના પરિવારોને મોટીસંખ્યામાં જોડાવા માટે સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના પ્રમુખ પિનાકીન રાવલ અને મહામંત્રી નરેશ દવે સહિત યુવા પ્રમુખ જીગર ત્રિવેદીએ અનુરોધ કર્યો છે.

## ચોરીના ગુનામાં ૧૨ વર્ષથી વોન્ટેડ શખ્સો પકડાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ સ્ટેશનની હદમાં થયેલી પાઈપ ચોરીઓના ગુનામાં ત્રણ આરોપીઓ છેલ્લા બારેક વર્ષથી વોન્ટેડ હતાં. ગાંધીનગર એલસીબીની ટીમે રાજસ્થાન જઈ ત્રણેયને દબોચીને આરોપીઓને પેથાપુર પોલીસને સોંપી આગળની તપાસ પેથાપુર પોલીસને આપી દીધી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે વોન્ટેડ આરોપીઓ પકડી પાડવા એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતને સુચનાઓ આપતા તેમણે તેમની એક



ટીમને નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી પકડી પાડવા જણાવ્યું હતું. પીએસઆઈ કૃણાલ પટેલ તથા તેમની ટીમે બાતમીદારો સક્રિય કર્યા. દરમિયાન પેથાપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૦૫માં નોંધાયેલા ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપીઓના સીઆરપીસી ૭૦ મુજબ કોર્ટના વોરંટ નિકળતા તેમને શોધવા તજવીજ શરુ કરી હતી. હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને બાતમી મળી કે આ ત્રણ વોન્ટેડ આરોપીઓ રાજસ્થાન પોતાના વતન ઝાલોર જિલ્લાના પુનાસા ગામમાં છે. એલસીબીની એક ટીમ રાજસ્થાન પુનાસા પહોંચી ગઈ અને ત્યાંથી ત્રણેયની વોચ ગોઠવી જોધારામ કાનારામ, પુનારામ સોનારામ અને હરિરામ સોનારામની ધરપકડ કરી ગાંધીનગર લઈ આવી છે. આ શખ્સો ૧૨ વર્ષથી પાઈપ ચોરીના ગુનામાં વોન્ટેડ હતા. પેથાપુર પોલીસે ત્રણેયની વધુ તપાસ શરુ કરી છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા બાળકોની ચરણસેવા સંપન્ન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અરૂણોદય સેવા ટ્રસ્ટ, સદવિચાર પરિવાર દ્વારા અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારના અતિ પછાત અને રાજસ્થાનની સરહદ પરના ગામોમાં તથા મોડાસા બહેરા મુંગાની પોલીટેનીક અને શાળાઓના વિદ્યાર્થીઓને મહામંડળની ટીમે રૂબરૂ જઈને ચરણસેવા દ્વારા પગ રક્ષણ પુરું પાડવાનું અભિયાન હાથ ધર્યુ હતું.

મોડાસા મુકામે ડૉ. ટી.બી. પટેલ અને શ્રી કિરીટભાઈ સુથારની રાહબરી હેઠળ ચાલતા આઈ.ટી.આઈ.માં બહેરા મુંગા શાળા, પોલીટેકનીકના ૨૪૦ વિદ્યાર્થીઓ સેવા મંડળ મેઘરજ સંચાલિત શાળાઓ કે જેનું સંચાલન નિવૃત્ત ઉદ્યોગ કમિશનરશ્રી નંદલાલભાઈ દોશી કરે છે તેની આસપાસના ૭ ગામોની શાળાઓમાં શ્રી લાલુભાઈ આંબલીયા, બધાભાઈ, ગંગાબેન મેણાતના સહકારથી પાદરમહુડો, પોરવાડા, શાંતિપુરા, ઘુમટા, સારંગપુર, નાળ ગામની શાળાઓમાં જઈ ચરણસેવા સંપન્ન કરવામાં અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, શશીકાંતભાઈ મોઢા, નિલેન્દુભાઈ વોરા તથા સદવિચાર પરિવારના પ્રતિનિધિઓ, આચાર્ય વિકલાંગ શાળા તથા વિકલાંગ બાળકોની તાલીમ સંસ્થાના આચાર્ય વગેરે જોડાયા હતા.

૨૦૦થી વધુ બાળકોને બળબળતા બપોરે ઉઘાડા પગા લોકો તેમજ વિદ્યાર્થીઓને તેમના માપ મુજબ ચંપલો પહેરાવવાનું અભિયાન દિવસ દરમિયાન કરાયું હતું. જેમાં લાયન્સ કલબ સોસાયટી મોડાસા, સેવામંડળ મેઘરજ તથા આચાર્યશ્રીઓએ સેવા આપી હતી.

૧૯૯૧થી ચાલતી ચરણસેવાના અભિયાનમાં ગરમીમાં વિદ્યાર્થીઓને પગરક્ષણ આપવાનું કાર્ય ગાંધીનગર શહેર વસાહત મહામંડળ કરે છે તેના ભાગ રૂપે આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગુજરાતના સ્થાપના દિવસે કલેકટરશ્રીની ઉપસ્થિતિમાં વિકાસ કામોમાં જોડાયેલા શ્રમિકોની પણ ચરણસેવા હાથ ધરાશે.

# એકના માટે નકામી સાયકલ બીજાના શિક્ષણનો આધાર બની

## ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરિયાતમંદ પરિવારોના સંતાનોને શાળાએ જવા નગરજનો પાસેથી જુની નકામી પડી રહેલ સાયકલ ઉઘરાવીને આપતા ડૉ. સોમભાઈ પટેલ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના ઘ-૬ સર્કલ નજીક શ્રમજીવી પરિવારોના બાળકોને શિક્ષણ આપવાનો સેવા યજ્ઞ શહેરના જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી 'અક્ષરજ્ઞાન'ના વર્ગો થકી કરવામાં આવી રહ્યો છે. આ વર્ગો દ્વારા માત્ર શિક્ષણ જ આપવાનો બદલે આ ગરીબ બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવામાં નડતરરૂપ બનતી સમસ્યાઓને ઓળખી તેનો નિકાલ કરવાનો યથાર્થ પર્યત્ન પણ તેમના દ્વારા કરવામાં આવી રહ્યો છે. ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકોને શાળાએ આવવા જવામાં મદદરૂપ બને તે માટે ડૉ. સોમભાઈ દ્વારા સેવાભાવી નાગરિકો પાસે પડી રહેલ નકામી જુની સાયકલો ઉઘરાવી આ બાળકોને આપવામાં આવી રહી છે.

ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારોનું જીવન શાપિત જીંદગી જેવું હોય છે, અજ્ઞાનતાના અંધકારમાં ડૂબેલી આ જીંદગીઓમાં શિક્ષણના તણખા થકી ઉજાસ રેલાવવાનું કાર્ય ડૉ. સોમભાઈ પટેલ કેટલાક વર્ષોથી કરી રહ્યા છે. આ પ્રયાસના ભાગરુપે તેમણે શહેરના નાગરિકો પાસે પડી રહેલી જુની અને નકામી સાયકલો ઉઘરાવી તેને જરૂરિયાતમંદ બાળકોને વહેંચવાનું કાર્ય હાથ ધર્યુ છે. આ સાયકલના સહારે ગરીબ બાળકો શાળાએ નિયમિત જઈ શકે અને શિક્ષણ મેળવી શકે છે. તાજેતરમાં જ તેમણે સંજયભાઈ પંડયા નામના નગરજનની દિકરીની સાયકલ જે તેમના નજીકના સંબંધી તથા ઉમા આર્ટસ કોલેજના પ્રાધ્યાપક પાર્થભાઈ જોષીના ઘરે પડી રહી હતી તેનો તેમના 'અક્ષરજ્ઞાન'ના વર્ગોમાં અભ્યાસ કરતી જરૂરિયાતમંદ પરિવારની દિકરી તેજલને અપાવી હતી. આ પ્રકારના કાર્યથી સાયકલ દાનમાં આપનારને પુણ્ય કાર્ય કર્યાની સંવેદનાનો સ્પર્શ થાય છે અને સાયકલ પ્રાપ્ત કરનાર બાળકના ચહેરા પર ખુશીનું સ્મિત રેલાય છે તેવું ડૉ. સોમભાઈ પટેલનું માનવું છે.

'પાટા પરથી ખડી પડેલ ગાડીને પાટે ચઢાવવાનું કાર્ય મુશ્કેલ પરંતુ અશકય નથી. મારા પ્રયત્નો અલ્પ છે પરંતુ તેનું પરીણામ અલ્પ નથી, આ પરીણામ દેખાય છે જેનો હું સાત્વિક આનંદ અનુભવું છું. કદાચ આ કારણે જ ૭૯ વર્ષની ઉંમરે મારું સ્વાસ્થ્ય સરસ રીતે જળવાયું છે અને દવાઓના ખર્ચાની બચત થઈ રહી છે.'

**- ડો. સોમભાઈ પટેલ**

